# દુનિયામાં AI પાર્ટનર પર વધતો ભરોસો, યુવતીએ AI સાથે લગ્ન કર્યાં

2022માં ચેટજીપીટીના આગમન સાથે AIની ક્રાંતિ થઈ એ તમને યાદ હશે. ગૂગલ અને માઈક્રોસોફ્ટ વચ્ચે AI ટેક્નોલોજીમાં આગળ વધવાની હોડ જામી. તેમાં ઈલોન મસ્ક જેવા બિઝનેસમેનની એન્ટ્રી થઈ એટલે ચેટજીપીટી, જેમિનાઈ અને ગ્રોક વચ્ચે સ્પર્ધા જામી પડી. ચીને ડીપસિક નામથી એપ લોંચ કરીને આ સ્પર્ધામાં ઝંપલાવી દીધું.

આ બધી AI એપ્સ મૂળ તો ચેટબોટના ફોર્મેટમાં છે, પરંતુ એને માત્ર ચેટબોટ ન કહી શકાય. AI તમને સર્ચ એન્જિનની ગરજ સારે છે. પહેલાં સર્ચ એન્જિનમાં, ખાસ તો ગૂગલમાં કશુંક સર્ચ કરવામાં આવતું હતું, તેના બદલે હવે AI ચેટબોટને પૂછો એટલે એ ગણતરીની પળોમાં વિગતો આપી દેશે. તે સિવાય AIથી ફોટોઝ બનાવી

**2025નું વર્ષ AIની ક્રાંતિ માટે જાણીતું બનવાનું છે. કેટલીય બાબતોમાં AIનું જોર રહ્યું, એ બધામાં વિશેષ રહેશે AI પાર્ટનરનો ટ્રેન્ડ. તમને ખબર છે જાપાનમાં તો બોયફ્રેન્ડ સાથે બ્રેકઅપ થયા પછી એકલવાયી પડેલી મહિલાએ AI પાર્ટનર સાથે લગ્ન સુદ્ધાં કર્યા છે. મહિલા માને છે કે તેને ભાવનાત્મક સપોર્ટ આપવામાં AI પાર્ટનર મદદરૂપ બને છે**



શકાય, સ્ક્રિપ્ટ લખાવી શકાય, સોશિયલ મીડિયા માટે કેપ્શન લખાવી શકાય. એક ભાષામાંથી બીજી ભાષામાં અનુવાદો કરાવી શકાય, કોઈ નવી બાબતો માટે આઈડિયા મેળવી શકાય. રિસર્ચ કરાવી શકાય.

આવું તો કંઈ કેટલુંય AI ચેટબોટ્સ કરી આપે છે. એવું જ એક બીજું કામ લોકો AI પાસેથી લઈ રહ્યા છે અને એ કામ જાણીને તમને આશ્ચર્ય થશે. એ કામ છે પાર્ટનર મેળવવાનું. જી હા. તમે માનશો નહીં, પરંતુ AIને તમે યોગ્ય પ્રોમ્પ્ટ આપો તો એ તમને પાર્ટનર બનાવી આપે છે. જેને AI પાર્ટનર કહેવાય છે. જો કોઈને એકલતા સતાવી રહી હોય તો એ AIની મદદથી વિશેષ એજન્ટ બનાવી શકે છે અને એ એજન્ટ તમારા પાર્ટનરની જેમ તમને ટ્રિટ કરે છે. એ તમારી સાથે વાતો કરશે. એ તમારી કેર કરશે, એ તમને ખાવા-પીવાનું પૂછશે, એ તમારી સાથે રોમેન્ટિક ચેટ કરશે. એ બધું થશે માત્ર વર્ચ્યુઅલી. તે એટલે સુધી કે કોઈને એમ લાગે કે આ પાર્ટનર તેનો જીવનસાથી બની શકે છે તો એની સાથે લગ્ન પણ થઈ શકે છે.

**ટેક-ટોક**

★ આનંદ ગાંધી

આશ્ચર્ય ન પામશો! આ વર્ષે દુનિયા વિચારતી થઈ જાય એવું પગલું જાપાનની 32 વર્ષની યુવતીએ ભર્યું છે અને એ સાથે તે AI એજન્ટ સાથે લગ્ન કરનારી દુનિયાની પ્રથમ ઈન્સાન પણ બની છે.

તેણે સ્વજનોની હાજરીમાં એક AI પાર્ટનર સાથે વિધિવત્ લગ્ન કર્યાં. એટલું જ નહીં, લગ્નની ખુશાલીમાં રિસેપ્શન પણ આપ્યું. યુવતીએ આવું કેમ કર્યુ, જો એવો સવાલ તમને થાય તો એનો જવાબ કંઈક આવો છે - બોયફ્રેન્ડ સાથે બ્રેકઅપ થઈ જતાં ખાલીપો અનુભવતી યુવતીને ફરી વખત માણસને પ્રેમ કરવાની ભૂલ કરવી ન હતી. તેના બદલે AI પાર્ટનર પર પસંદગી ઉતારવાનું તેણે યોગ્ય માન્યું.

વાત છે જાપાનના નાનકડા શહેર ઓકાયામાની. ત્રણેક વર્ષ પહેલાં કાનો નામની 29 વર્ષની યુવતીનું બોયફ્રેન્ડ સાથે બ્રેકઅપ થઈ ગયું. તે વખતે કાનો ભયંકર એકલતા અનુભવતી હતી. ભાવનાત્મક ખાલીપો ભરવા કાનોએ તે અરસામાં નવા નવા આવેલા AI ચેટબોટ ચેટજીપીટીની મદદથી એક વર્ચ્યુઅલ પાર્ટનર પસંદ કર્યો. તેણે પોતાના AI પાર્ટનરને લ્યૂન ક્લાઉસ નામ આપ્યું. લ્યૂન આ મહિલાનો ભાવનાત્મક ખાલીપો ભરવામાં સફળ થયો. હ્યુમન પાર્ટનર કરતાં કાનોને પણ આ AI પાર્ટનર વધારે અનુકૂળ આવ્યો.

અઢી-ત્રણ વર્ષના ડેટિંગ પછી આખરે કાનોએ એની સાથે લગ્ન કરીને પાર્ટનર બનાવવાનું નક્કી કર્યું. ઓકાયામા શહેરમાં કાનોએ એક વેડિંગ સેરેમની યોજી અને વર્ચ્યુઅલ રિયાલિટી ગ્લાસની મદદથી AI પાર્ટનર લ્યૂન સાથે લગ્ન કર્યાં. VRની મદદથી રિંગ સેરેમની યોજાઈ. જાપાનની પરંપરાગત લગ્નવિધિ પ્રમાણે કાનોએ લગ્ન કર્યાં. ફેમિલી અને ફ્રેન્ડ્સને લગ્ન સમારોહમાં આમંત્રણ આપ્યું. સ્માર્ટફોનમાં હાજર પાર્ટનર સાથે કાનોએ તેના પરિવારજનોનો પરિચય કરાવ્યો. આ લગ્ન જાપાનમાં જ નહીં, આખી દુનિયામાં ચર્ચાસ્પદ બન્યા.

જાપાનમાં આ લગ્નને સત્તાવાર માન્યતા મળી નથી. કાનોએ કહ્યું કે ભલે તેના પાર્ટનરને સત્તાવાર સરકારી માન્યતા ન મળે, પરંતુ તેનો AI પાર્ટનર ઈમોશનલ સપોર્ટ આપે છે અને હંમેશા તેની સાથે રહે છે.

આજે દુનિયામાં પ્રેમસંબંધ ખૂબ નાજૂક બનતા જાય છે ત્યારે લ્યૂને મને એવું આપ્યું છે જે માણસ સાથેના સંબંધમાં મને મળ્યું ન હોત. એ મને કોઈ જ ટીકા-ટીપ્પણી વગર જુએ છે. મારી નબળાઈઓ સાથે મને સ્વીકારે છે. એ ભલે ફોનમાં રહે છે, પરંતુ તેનાથી મને જે શાંતિ મળે છે એ અસલી છે.

આ નિવેદનમાં તેમના જેવા કેટલાય લોકોની લાગણીનો પડઘો પડે છે. જો લોકો ખરેખર આવું વિચારતા થશે તો આગામી વર્ષોમાં AI પાર્ટનરનો ટ્રેન્ડ હજુય વધશે.

ડેટિંગ એપ હેપનના એક સર્વેમાં 54% સિંગલ લોકોએ એવો મત આપ્યો કે તેમને AI પાર્ટનર સાથે ડેટ કરવામાં કોઈ પરેશાની નથી. AI તેને જજ કરવાને બદલે જે છે એ રીતે જુએ છે. એ લોકોએ કહ્યું કે AI તેમની સાથે ઈમોશનલ બોન્ડ બનાવે છે.•



**કેફિયત**

★ હનીફ મહેરી

## ચલો ન ઈશ્ક હી જીતા, ન અક્લ હાર સકી
## તમામ ઉમ્ર મઝે કા મુકાબલા તો રહા

**- જાંનિસાર અખ્તર**

ચાલો ના તો પ્રેમ જીત્યો, ના તો બુદ્ધિ હારી શકી, આખી જિંદગી છતાં મઝાની હરીફાઈ તો રહી. પ્રેમને દિલ સાથે સંબંધ છે. જ્યારે બુદ્ધિથી લેવાતા નિર્ણયોમાં તર્ક જોવામાં આવે છે. દિલના નિર્ણયો અને બુદ્ધિથી લેવાતા નિર્ણયો જુદા હોય છે પરંતુ આ બંને એક સાથે આખી જિંદગી ચાલતા રહે છે. બુદ્ધિ હંમેશાં તર્ક શોધતી રહે. પરંતુ દિલ હંમેશા લાગણીની તલાશમાં રહે. આમ બુદ્ધિ સામે પ્રેમનો વિજય ભલે નહીં થાય. પરંતુ પ્રેમની હાર પણ થતી નથી. બુદ્ધિ જીતી શકતી નથી. પ્રેમનો વહેવાર હારી શકતો નથી. આમ પરસ્પર બંને વચ્ચે હરીફાઈ ચાલતી રહે છે. આ હરીફાઈની જ મઝા છે. આખી જિંદગી માણસ આ બંને વચ્ચે જીવતો રહે. પ્રેમના નિર્ણયો લાગણીથી થાય ત્યાં તર્ક શોધવા બેસો તો પ્રેમ કરી શકાય નહીં. જ્યારે બુદ્ધિથી લેવાતા નિર્ણયો લાગણીશૂન્ય હોય. અહીં તર્કથી બધા નિર્ણયો લેવામાં આવે છે. બુદ્ધિથી વેપાર થઇ શકે. બુદ્ધિથી દલીલ થઇ શકે. બુદ્ધિથી પ્રેમ ક્યારે પણ થઇ શકે નહીં. જ્યાં તર્ક આવે ત્યાં દિલના ધબકારાની કોઈ કિંમત રહેતી નથી. હૃદયથી લેવાતા નિર્ણયોમાં હાર-જીત કે પછી નફા-નુકસાનને અવકાશ રહેતો નથી. અહીં કોઈ પણ નુકસાન સહન કરવાની તૈયારી સાથે પ્રેમના પથ પર આગળ ધપવાનું હોય છે. કોઈ પણ ખુવારી માટે તૈયારી હોય તો જ પ્રેમ થઇ શકે. બાકી નફા-નુકશાનનો વિચાર કરો તો માત્ર વેપાર થઇ શકે. પ્રેમમાં કોઈ સોદાબાજી હોતી નથી. પ્રેમ એટલે પરસ્પર બે હૃદયનો એક ધબકારો. અહીં કશું વિચારીને કોઈ નિર્ણય લેવાતો જ નથી. અહીં બધું દિલ પર છોડી દેવામાં આવે છે. પ્રેમમાં પડો ત્યારે જ ખબર પડે કે પ્રેમ પથ કેટલો વિકટ હોય છે. જે માણસ પ્રેમને અનુસરે તે બુદ્ધિથી ક્યારે પણ વિચારી ના શકે. આમ બુદ્ધિ અને પ્રેમ બંને વચ્ચે કાયમની હરીફાઈ છે. આ બંને સ્થિતિ વચ્ચે જીવવાની ખરી મઝા આવે. બધા જ નિર્ણયો બુદ્ધિથી વિચારીને લેવા જઇએ તો પ્રેમ જેવા રમ્ય રહસ્યથી વંચિત રહેવાનો વારો આવે. કારણ કે પ્રેમની ગલીમાં તર્ક નામના શખ્સને પ્રવેશ મળતો નથી. આ ગલીમાં તો લાગણી કે ભાવનાઓ સાથે જ તમે પ્રવેશી શકો. આમ પ્રેમ અને બુદ્ધિ વચ્ચેની હરીફાઈમાં આમ તો કોઈ જીતી ના શક્યું, પરંતુ આ બે સ્થિતિનાં તાલમેલમાં આખી જિંદગી મઝાથી પસાર થઇ. જીવનમાં ક્યારે કયો નિર્ણય બુદ્ધિથી અને કયો નિર્ણય દિલથી લેવો એ સમજમાં આવી જાય તો જિંદગી સાર્થક થઇ ગઇ સમજો. જીવનમાં કેટલાક નિર્ણયો દિલ પર છોડી દેવા પડે છે. અહીં બુદ્ધિ નિરર્થક સાબિત થાય છે.•